ગાંધીનગર સમાચાર

મિલ્કતોની મંદીનો લાભ ગ્રાહકોને હજુ સ્પર્શ્યો જ નથી

# સંસ્કૃતિ કુંજ ખાતે ૨૧મીથી વસંતોત્સવ

## તા. ૨૧ ફેબ્રુઆરીથી ૧લી માર્ચ સુધી વિવિધ પ્રાંતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે : તા. ૨જી અને ૩જી માર્ચે તુરી-બારોટ કલાકારોનો કાર્યક્રમ યોજાશે : કાર્યક્રમ પત્યા બાદ પરત ફરવા એસટી બસની સુવિધા મળશે

ગાંધીનગર, તા.૧૨

વસંતઋતુના આગમન સાથે જ નગરજનો શહેરની ઓળખ સમા 'વસંતોત્સવ'ની કાગડોળે રાહ જોઈને બેઠા હોય છે. ઋતુઓના રાજા વસંતને વધાવવા કુદરતી સૌંદર્યથી ભરપૂર એવા સંસ્કૃતિકુંજ ખાતે આ વર્ષે તા. ૨૧મી ફેબ્રુઆરીથી વસંતોત્સવનો પ્રારંભ થશે. ભારતના દરેક પ્રાંતના સાંસ્કૃતિક વારસાને આવરી લેતા વસંતોત્સવમાં આ વર્ષે વધુ સારી વ્યવસ્થા સાથેના આયોજન માટે પ્રયત્નો હાથ ધરાયા છે. હાલ સંસ્કૃતિ કુંજ ખાતે ભવ્ય વસંતોત્સવ માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.



ગાંધીનગરમાં સાબરમતી નદીના કિનારે તા. ૨૧મી ફેબ્રુઆરીથી સુવિખ્યાત વસંતોત્સવનું આયોજન કરાયું છે. જે તા. ૧લી માર્ચ સુધી ચાલશે. આ ઉપરાંત તા. ૨જી અને ૩જી માર્ચે તુરી બારોટ કલાકારોનો કાર્યક્રમ પણ યોજાશે. વસંતોત્સવમાં દરરોજ સાંજે ૭ વાગ્યાથી દેશના વિવિધ પ્રાંતના કલાકારો દ્વારા લોકનૃત્યો સહિતના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

વસંતોત્સવના સુચારું આયોજન માટે આજે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર જે.ટી. અખાણીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં વસંતોત્સવ દરમિયાન સંસ્કૃતિ કુંજ ખાતેની સાફ-સફાઈ, સેનેટરી, અગ્નિશામન, પાર્કિંગ તથા વાહન વ્યવહાર વગેરે વ્યવસ્થા અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી તથા સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત સંકુલમાં પીવાના પાણી, વીજ પુરવઠો, મેડીકલ વગેરે જેવી વ્યવસ્થાઓ અંગે સૂચનાઓ આપવામાં આવી હતી. આ વર્ષે વધુ નોંધપાત્ર બાબત તો એ છે કે વસંતોકુંજમાં પરિવારજનો સાથે કાર્યક્રમ માણવા આવતા મુલાકાતીઓને સંસ્કૃતિકુંજના પ્રવેશદ્વાર નજીક પરિવારજનોને ઉતારી શકે તેવી વ્યવસ્થા અંગે વિચારણા હાથ ધરાઈ હતી. આ ઉપરાંત અમદાવાદ તથા ગાંધીનગરના વિવિધ સેકટરોમાંથી આવતા મુલાકાતીઓ માટે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પરત ફરવા માટે બસની સુવિધા મળી રહે તે અંગે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે બસો સરિતા ઉદ્યાન ખાતે ઉભી રખાશે. વળી, આકસ્મિક સંજોગો માટે એમ્બ્યુલન્સ અને મેડીકલ ટીમ ખડે પગે તૈનાત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વસંતોત્સવ એ માત્ર ગાંધીનગરમાં જ નહી પરંતુ રાજયભરમાં ખ્યાતિ પ્રાપ્ત ઉત્સવ બની ચુકયો છે અને તેને માણવા રાજયભરમાંથી મુલાકાતીઓ ઉમટી પડે છે. વસંતોત્સવમાં સાંસ્કૃતિક કાર્યક્રમની ઉત્સુકતા ઉપરાંત હસ્ત કલાકારીગરીના પ્રદર્શન વેચાણનું પણ ભારે આકર્ષણ રહેલું છે. આ ઉત્સવને સમાજના દરેક વર્ગના નાગરિકો પરિવાર સાથે માણે છે. જેથી દર વર્ષે વસંતોત્સવની કાગડોળે રાહ જોવાતી હોય છે.

### હવે પ્રવેશદ્વાર નજીક પરિવારજનોને ઉતારી શકાશે

અત્યાર સુધી વસંતોત્સવ માણવા પરિવાર સાથે વાહન લઈને આવતા મુલાકાતીઓમાં પાર્કિંગ ઘણું દૂર કરી ચાલતા સંસ્કૃતિ કુંજમાં પહોંચવામાં નાના બાળકો અને વડીલો માટે ભારે અગવડભર્યું અને થકવી નાંખનારું બની જતું હતું. આ વર્ષે આ બાબતે વિચારણા હાથ ધરી વાહન લઈને આવતા મુલાકાતીઓને સંસ્કૃતિકુંજના પ્રવેશદ્વાર નજીક પરિવારજનોને ઉતારવા દેવાની વ્યવસ્થાનો ઉમદા વિચાર અમલમાં મુકાશે જે ઘણો આવકારદાયક છે. આ નિર્ણયના કારણે મુલાકાતીઓની સંખ્યામાં વધારો થશે નગરજનો એકથી વધુ વાર મુલાકાત લેવા પ્રેરિત થશે.



(તસવીર : દિપક જાની)

## @ગાંધીનગર

● પોદાર જમ્બો કિડસ દ્વારા સવારે ૯.૩૦ કલાકે ઘ-૨ ખાતેથી કર્તવ્ય નિષ્ઠા અને પ્રતિબધ્ધતાની થીમ આધારિત કર્તવ્ય વોકાથોન યોજાશે.

● બોરીજ દેરાસરની ૧૩મી વર્ષગાંઠ નિમિત્તે શનિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે વિશ્વ મૈત્રીધામ જૈન શ્વેતાંબર મંદિર ખાતે ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાશે.

● ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા) અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગરના સંયુકત ઉપક્રમે બાલ ઉર્જા રક્ષક દળ-૨૦૧૬ અંતર્ગત ઉર્જા બચત માટે જન જાગૃતિ રેલી સવારે ૮.૪૫ કલાકે સે-૨૩, કડી કેમ્પસની આર.જી. ગર્લ્સ સ્કૂલ ખાતેથી યોજાશે.

● શ્રી રામ સેવા ટ્રસ્ટ સે-૩ દ્વારા આજથી નવ દિવસીય રામકથાનો પ્રારંભ યુવ કથાકાર શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે સે-૩-સી આર.સી. પરમારના નિવાસસ્થાને યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● વસંતપંચમી આમ તો લગ્નો માટે વણજોયું મુર્હુત ગણાય છે. જો કે આ વર્ષે વસંતપંચમીના દિવસે નગરમાં લગ્નોના આયોજન ખૂબ ઓછા જોવા મળ્યા જયારે વેલેન્ટાઈન ડેના દિવસે સૌથી વધુ લગ્ન સમારંભો યોજાનાર છે.

● મહાત્મા મંદિર ખાતે દાંડી કુટિરને જોડતા આધુનિક ટેકનોલોજીથી સજ્જ કેબલ સ્ટેરોઈડ બ્રિજનું કામ લગભગ પૂર્ણતાને આરે છે. આ બ્રિજ નીચેથી પસાર થતા વાહન ચાલકો તેને બે ઘડી જોતા જ રહી જાય છે.

● પોલીસને ગાંધીનગર-કોબા માર્ગ પર શાહપુર સર્કલ નજીકથી આશરે ૧૫ વર્ષની ઉંમરનો એક બિનવારસી બાળક મળી આવ્યો હતો. આ બાળકની પોલીસે પ્રેમપૂર્વક પુછપરછ કરતા તે મહુવા પાસેના એક ગામનું હોવાનું જાણવા મળ્યું જેથી પોલીસે તેના મામાનો સંપર્ક કરી હેમખેમ તેના વતન પહોંચાડયો હતો.

● નજીકના દિવસોમાં ગાંધીનગરની જીએનએલયુ ખાતે યોજાનાર એક કાર્યક્રમમાં ચકદે ઈન્ડિયા અને ઈન્ડિયન આઈડલ ફેમ સંગીતકાર બેલડી સલીમ-સુલેમાન પરફોર્મ કરશે. આ કાર્યક્રમમાં થનાર ટિકીટ વેચાણની આવક બોપલની એક ગરીબ બાળકો માટે કાર્યરત સંસ્થાને દાનમાં અપાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ અને દૂધ મંડળીના ડિરેકટર શ્રી પંકજ શુકલના દિકરી વિધિ શુકલ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) આજે સ્પાઉસ વીઝા (એચ-૪ વિઝા) પર અમેરિકા જઈ રહ્યા છે ત્યારે પરિવારજનો સમાજના અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી હતી.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# વાવોલ ગરનાળામાં ખાબકેલી નીલગાયને સેવાભાવી યુવાઓએ બચાવી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર પાસે નજીક વાવોલ ગામ થી ઉવારસદ તરફ જવાના માર્ગ પર આવેલા ગરનાળામાં નીલ ગાય રાત્રીના સુમારે પડી ગઈ હતી. ૧૫ ફુટ ઉંડા ગરનાળામાં પડી ગયેલી નીલગાયને બચાવવા માટે ગાંધીનગર ફાયર બિગ્રેડ અને નગરના સેવાભાવી યુવકોએ ૪ કલાકની ભારે જહેમત ઉઠાવી બહાર નીકાળી હતી.

ગાંધીનગર શહેરમાં નીલગાયનો ત્રાસ વધી જવા પામ્યો છે. નીલગાય શહેરી વિસ્તારમાં આવેલા રહેણાંક મકાનોમાં ડોકીયા કરતી જોવા મળે છે. ગાંધીનગર શહેરનો રોકેટ ગતિએ વિકાસ થતા નજર કરો ત્યાં સાઈટો કાર્યરત છે. નગરની આસપાસ કોંક્રિટના જંગલો ઉભા થતા વન્ય પશુ પક્ષીઓ અને પ્રાણીઓએ શહેર ભણી દોટ મુકી છે. નગરની આસપાસ નદી કાંઠા વિસ્તારમાં જંગલ હોવાથી નીલગાય ત્યાં જ ફરતી હતી. પરંતુ છેલ્લા ઘણા સમયથી જંગલ વિસ્તાર ના રહેતા નીલગાયો શહેરમાં રહેઠાણ વિસ્તારમાં ઘરમાં ડોકીયા કરી રહી છે.



ત્યારે વાવોલ ગામ તેમજ આસપાસની સોસાયટીઓ નજીક ફરી રહેલી નીલગાયને કુતરાઓએ નિશાન બનાવી હતી. શેરી કુતરાઓ નીલગાયની પાછળ પડતા અંધારામાં દોટ લગાવેલી નીલગાય ૧૫ ફુટ ઉંડા ગરનાળામાં જઈને પડી હતી. ગરનાળામાં પડતા પગે ઈજા પહોચતા રીબાતી કણસી રહી હતી. ત્યારે વાવોલ ઉવારસદ માર્ગ પરથી પસાર થઈ રહેલા એક સેવાભાવી યુવકે ગાંધીનગર ફાયર બિગ્રેડ તેમજ શહેરના અન્ય પ્રાણી પ્રેમી મિત્રોને જાણ કરી હતી. ગણતરીની મિનિટોમાં ફાયર બિગ્રેડ તેમજ મિત્રો ત્યાં પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી. રાત્રીના ૧૦ કલાકે થી શરુ કરેલી બચાવ કામગીરી ૪ વાગ્યા સુધી ચાલી હતી. નીલગાય અંદર પડવાથી તમામ પગે ફ્રેકચર થતાં બચાવ કામગીરીમાં વિલંબ થયો હતો. નીલગાયને સેકટર-૩૦ વનવિભાગ ખાતે મોકલી આપવામાં આવી છે. જયા ડોકટરો દ્વારા સારવાર કરવામાં આવી રહી છે.પરંતુ આ સેવા કાર્યમાં ફાયર બિગ્રેડના ચીફ ઓફીસર મહેશકુમાર રવિદાન મોડ અને તેમની ટીમ તેમજ નગરના સેવાભાવી યુવકોમાં આશુતોષ તિવારી, દીપેન રાવ, સચિન ઠક્કર, વ્યોમ અમીન, કુશલ ઠક્કર અને સ્થાનિક પોલીસ મથકના જવાનોએ સાથ સહકાર આપ્યો હતો.

# ગાંધીનગર સિવિલમાં ૩૦ હજારથી વધુ દર્દીઓને ઓપરેશનનો લાભ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો વિવિધ રોગના દર્દીઓ સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજને પગલે મળતી પ્રાથમિક સુવિધામાં વધારો થતા દર્દીઓથી સિવિલ ઉભરાય છે. ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલ જિલ્લાકક્ષાની હોવાથી જિલ્લાના દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. ત્યારે શહેરની હોસ્પિટલમાં વર્ષ - ૨૦૧૫ માં કુલ - ૩૨૩૧૯ ઓપરેશન કરવામાં આવ્યા છે. જયારે ઓકટોબર માસમાં સૌથી વધુ ૩૯૨૦ સર્જરી તેમજ નવેમ્બર માસમાં સૌથી ઓછી સર્જરી ૨૨૦૬ કરવામાં આવી છે.

જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ધસારો રહે છે. ગાંધીનગર જિલ્લા સહિત આસપાસના જિલ્લાના દર્દીઓ પણ સારી સુવિધા મળતી હોવાથી ગાંધીનગર હોસ્પિટલ પર પોતાની પસંદગી ઉતારે છે. સિવિલમાં યોગ્ય સારવારને પગલે ઓપીડી વિભાગ દર્દીઓથી ભરચક હોય છે. ગાંધીનગર સિવિલ મેડીકલ કોલેજને પગલે એમસીઆઈની ગાઈડ લાઈન મુજબ દર્દીઓને સુવિધા મળતી સેવામાં પણ વધારો થયો છે. શહેરની હોસ્પિટલ જિલ્લાભરના દર્દીઓ માટે આશીર્વાદરુપ સાબિત થઈ રહી છે. વર્ષ દરમિયાન લાખો લાભાર્થીઓ સિવિલની મુલાકાત લેતા હોય છે. સિવિલમાં દર્દથી કણસતા અને જરુરી જણાય તેવા દર્દીઓને માઈનોર અને મેજર સર્જરી ખાસ ડોકટરોની ટીમ દ્વારા કરવામાં આવે છે. જેમા ગત્ વર્ષે કુલ - ૩૨૩૧૯ ઓપરેશન કરવામાં આવ્યા છે. જેમાં માઈનોર ઓપરેશનમાં સારણગાંઠ, એપેન્ડીકસ, આઈએનડી, ગાંઠના ઓપરેશનનો સમાવેશ થાય છે. જેમાં માઈનોર સર્જરી માર્ચ માસમાં સૌથી ઓછી ૧૬૭૬ અને ઓકટરબરમાં સૌથી વધુ ૩૧૯૬ સર્જરી કરાઈ હતી. જયારે આંતરડા,પિતાશય, લીવર, કેન્સર, યકૃતને લગતી બિમારીઓના ઓપરેશન મેજર કહેવાય છે. ગત્ વર્ષ -૨૦૧૫ માં એપ્રીલ માસમાં ૪૭૫ સૌથી ઓછા અને ૮૫૬ જુલાઈ માસમાં સૌથી વધુ મેજર ઓપરેશન કરવામાં આવ્યા હતા. ગાંધીનગર સિવિલમાં હોસ્પિટલમાં આવતા વિવિધ રોગથી કણસતા દર્દીઓને મેજર અને માઈનોર સર્જરીનો લાભ મળ્યો છે.

## ભારતીય સ્ટેટ બેંક દ્વારા જુસિકાને વ્હીલચેર અને સ્ટેચરનું દાન

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૧૦ ભારતીય સ્ટેટ બેંક એડમીન ઓફીસ દ્વારા જુનિયર સિટીઝન્સ કાઉન્સિલને વ્હીલચેર નંગ-૧૦ અને સ્ટેચર નંગ-૨ દાન સ્વરૂપે આપવામાં આવી હતી. સંસ્થાના હોદ્દેદારોની હાજરીમાં આ દાન કરવામાં આવ્યું હતું. આ દાન સંસ્થાને અકસ્માતમાં ઈજા થયેલ જરૂરિયાતમંદ વ્યકિતઓને સારવાર બાદ મદદરૂપ થવાના હેતુથી આપવામાં આવી છે. ભારતીય સ્ટેટ બેંકના આ સેવાકીય અભિગમ માટે સંસ્થાએ તમામ બેંકના હોદ્દેદારોનો આભાર વ્યકત કર્યો હતો તેમજ ભારતીય સ્ટેટ બેંકે પણ અવારનવાર સંસ્થાના સેવાના અભિયાનમાં મદદરૂપ થવા જણાવ્યું હતું.

## બંકર બનાવીને દારૂનો વેપલો કરનાર બુટલેગર પાસા હેઠળ ધકેલાયો

### ઉવારસદના બુટલેગરને વડોદરા સેન્ટ્રલ જેલ મોકલી દેવાયો



ગાંધીનગર, તા.૧૨

બુટલેગરો સામે કડક કાર્યવાહી કરવા એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે આપેલી સુચના અન્વયે ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે ઉવારસદ ગામના નામચીન બુટલેગર સુરેસ લખા ઉર્ફે લક્ષ્મણ હીરા ઠાકોરને પાસા હેઠળ ધકેલવા જિલ્લા મેજીસ્ટ્રેટને દરખાસ્ત કરી હતી. દરખાસ્ત મંજુર થતાં પીએસઆઈ એચ.કે. સોલંકી તથા ટીમે સુરેશ લક્ષ્મણ ઠાકોરની અટકાયત કરીને પાસામાં વડોદરા સેન્ટ્રલ જેલ મોકલી આપ્યો છે. ઉવારસદનો બુટલેગર ૯ ડિસેમ્બરે પકડાયો હતો. તેણે ત્રિમંદિર પાછળ બંકર બનાવીને લાખોનો દારૂ સંતાડયો હતો. અગાઉ પણ તે ઘણીવાર દારૂના ગુનામાં પકડાયેલો હતો અને તેને ગાંધીનગરમાંથી તડીપાર કરવામાં આવ્યો હતો ત્યારબાદ પણ તેણે આ ધંધો ચાલુ રાખ્યો હતો.

## આજે ગાયત્રી મંદિરે જાહેર પ્રવચન

ગાંધીનગર, તા.૧૨

વરેણ્યમ ગાંધીનગર આયોજિત પ્રવચન શૃંખલાનો દ્વિતીય મણકો તા. ૧૩મી ફેબ્રુઆરીના સાંજે સાડા પાંચ વાગે વકતાશ્રી અમેરિકા સ્થિત હોલીસ્ટીક હીલર શ્રી નટુભાઈ પટેલ 'પ્રેમ એટલે શું?' અને નકારાત્મક વિચારોથી થતા રોગ વિષે વકતવ્ય આપશે. સર્વે રસ ધરાવતા વકતાઓને ગાયત્રી મંદિર સેકટર-૧માં તેનો લાભ લેવા જણાવાયું છે.

## કેબલ ચોરી કરીને ભંગારના વેપારીને વેચવા આવેલો શખ્સ ઝડપાયો

### સરખેજ રેલવે ફાટક પાસેથી મિત્ર સાથે મળીને કેબલ ચોર્યો હોવાની કબુલાત

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એલસીબીની ટીમ ગઈ કાલે શહેરમાં પેટ્રોલીંગમાં હતીત્યારે સે-૨૬ જીઆઈડીસી પાસેથી એક શંકાસ્પદ યુવાનને પકડયો હતો. જીવરાજપાર્ક પાસેના સતિષ ઉર્ફે મોન્ટુ અર્જુન લંગે નામના શખ્સની પાસે બેગ હતી જેમાં બે અળગ અલગ પ્રકારના કેબલો હતા તે ઉપરાંત પકકડ અને કટર પણ પડયું હતું. શંકાને આધારે ઝીણવટભરી પુછપરછ કરતાં આ શખ્સે તેના જમ્મુના મિત્ર અજયસંગ લંગે સાથે મળીને છઠ્ઠી ફેબ્રુઆરીએ ધોળકા રોડ પર સરખેજ રેલવે ફાટક પાસે સ્થિત ટાટા મોબાઈલ કંપનીના પ્લાન્ટમાં લટકતા કેબલની ચોરી કરી હોવાની કબુલાત કરી છે. ગાંધીનગરમાં ભંગારવાળાને કેબલ વેચવા ફરતો હોવાનું ધ્યાને આવ્યું છે તે કેબલચોરની ધરપકડ કરીને અસલાલી પોલીસને આરોપી સોંપવામાં આવ્યો છે.



# મિલ્કતોની મંદીનો લાભ ગ્રાહકોને હજુ સ્પર્શ્યો જ નથી

## બિલ્ડરલોબીમાં યેનકેન પ્રકારે ભાવને જાળવી રાખવાની મથામણ, જયારે ગ્રાહકોમાં ભાવ ઘટવાની પ્રબળ આશા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર-અમદાવાદમાં મિલ્કતોની લે વેચમાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. ભરપૂર તેજીમાં આ બે મહાનગરોમાં મિલ્કતોના ભાવ ભડકે બળતા હતા જે અત્યારે લેવાલ ન હોવાથી તેજીના પૂર ઓસરી ગયા હોવાનું લાગી રહ્યું છે. છતાં પણ બિલ્ડર લોબી યેનકેન પ્રકારે ભાવને જાળવી રાખવા મથામણ કરી રહી છે. જેનો અનુભવ હાલ તૈયાર અને નવી બનતી મકાનોની સ્કીમની મુલાકાત સમયે ગ્રાહકોને થઈ રહ્યો છે તો બીજી તરફ ગ્રાહકો પણ મંદીનો લાભ લેવા ભાવ ઘટવાની પ્રબળ આશા લઈને બેઠા છે. આમ હકીકતે ચર્ચાઈ રહેલી મંદી ગ્રાહકો સુધી હજુ પહોંચી જ નથી.

મિલ્કતોના ખરીદ-વેચાણમાં આવેલા ધરખમ ઘટાડાની અસર રાજય સરકારના સ્ટેમ્પ ડયુટી વિભાગ ઉપર દેખાઈ રહી છે. અમદાવાદ-ગાંધીનગરમાં અનેક મિલ્કતો તૈયાર અને નવી બની રહી છે. અમદાવાદના પોશ વિસ્તારોને બાદ કરતાં બાહ્ય વિસ્તારોમાં આ સ્કીમો થકી વિકાસ દેખાઈ રહ્યો છે તો ગાંધીનગરની ચોતરફ નવી નવી સ્કીમો આકાર લઈ રહી છે. જેમાં રાયસણ, ધોળાકુવા, ગીફટસીટી, કુડાસણ, સરગાસણ, વાવોલ, રાંધેજા પેથાપુર, લેકાવાડા, પાલજ, ચિલોડા, કોલવડા વગેરે ગામોની જમીનનો ઉપયોગ થયો છે. તૈયાર થયેલા ફલેટ કે ટેનામેન્ટમાં ગ્રાહકોનો રસ ઓછો દેખાય છે તો નવી બનતી સ્કીમોમાં પણ ગ્રાહકો ઉત્સુકતા દાખવતા નથી તો બીજી તરફ જુના મકાનોના વેચાણમાં પણ ઘટાડો નોંધાયો છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

જમીન-મિલ્કતના દલાલો પણ નવરાધુપ બેસી રહ્યા છે. જયારે બિલ્ડર લોબી ઊંચા ખર્ચે કરી તૈયાર કરેલી સ્કીમોમાં અવનવા ખર્ચા દર્શાવીને મલાકાતે આવતા ગ્રાહકોને મંદીનો લાભ આપવા બિલકુલ તૈયાર નથી. ગ્રાહકોને આકર્ષવા નીતનવા નુસખા કરતા બિલ્ડરોની ચાલ સમજી ગયેલા ગ્રાહકો ભાવ ઘટવાની પ્રબળ આશા રાખી રહ્યા છે. બિલ્ડરો તૈયાર ફલેટ કે નવી સ્કીમોમાં ૩૦ થી ૪૦ ટકા જેટલો સુપર બિલ્ડરઅપ એરીયા ઉમેરીને જ ગ્રાહકોને મકાન કે ફલેટ આપતા હોય છે જેથી મકાનના અંદરના એરીયા કરતાં ૪૦ ટકા જેટલી વધુ રકમ બિલ્ડરના ખિસ્સામાં સરકી જતી હોય છે. આ તમામ બાબતોથી ગ્રાહકો વાકેફ બન્યા છે જેથી હાલ ખરીદારી ટાળી રહ્યા છે. જો કે બિલ્ડર લોબીની જીદ થકી અસંખ્ય ફલેટ અને મકાનો હાલમાં ખાલી પડયા રહે છે. જેને ભાડે આપીને ખર્ચને સરભર કરવાના પ્રયાસો ચાલુ થયા છે. એકંદરે મિલ્કતોમાં આવેલી મંદી બિલ્ડર લોબી સહન કરવા તૈયાર નથી તો ગ્રાહકો પણ તેજીના ભાવ આપવા તૈયાર નથી. જેથી થોભો અને રાહ જોવોની બંને તરફે નિતી અખત્યાર થઈ રહી છે.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઉર્જા સંરક્ષણ ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૨

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા બાળ ઉર્જા સંરક્ષણ દળ કાર્યક્રમ અંતર્ગત તા. ૧૬મી ફેબ્રુઆરીના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન ઉર્જા સંરક્ષણ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં શહેર અને ગ્રામ્ય વિસ્તારની ૬૫ ઉચ્ચતર શાળાના વિદ્યાર્થીઓ ભાગ લેશે. સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીને પુરસ્કાર રૂપે રોકડ ઈનામ તેમજ પ્રમાણપત્ર આપવામાં આવશે. ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધકોએ ૯૪૨૬૪૫૧૧૦૨ અને ૯૦૯૯૩૮૨૯૩૬ પર સંપર્ક કરવા સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.

## અવસાન નોંધ

પ્રશ્નોરા નાગર કિરીટભાઈ વિષ્ણુપ્રસાદ ભટ્ટનું દુઃખદ અવસાન થયું છે. જેઓનું બેસણું તા. ૧૩મી ફેબ્રુઆરીને શનિવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન ૧૨૯, શ્રીરંગ પાર્ક સરગાસણ ચાર રસ્તા પાસે, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૪ની પાછળ, વાસણ-હડમતીયા ખાતે રાખેલ છે.

## ચિરવિદાય

- સ્વ. હિરાબેન મયુરભાઈ પટેલ, ઉ.વ.૯૧
- સ્વ. કાળુભાઈ ગોવિંદભાઈ પટેલ, ઉ.વ.૪૫
- સ્વ. રમણલાલ આત્મારામ ચૌધરી, ઉ.વ.૭૦
- સ્વ. રાઠોડ અંબાલાલ કચરાભાઈ, ઉ.વ૮૭